દિવસભર દહીહાંડીની તોડફોડ, રાત્રે છડીનું આકર્ષણ જામ્યું

■ ભારત એક એવો દેશ છે કે જ્યાં તહેવારોની ભરમાર છે. શુક્રવારે જન્માષ્ટમીની ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કર્યા બાદ સુરતમાં આશરે 8000 જેટલી મટકીઓ શનિવારે ફોડવામાં આવી હતી. પાલ વિસ્તારમાં મોડી સાંજે મટકીફોડનો કાર્યક્રમ કરાયો હતો. તો બીજી તરફ રાત્રે સુરતમાં કોટવિસ્તારમાં અનેક છડીઓ સાથે ભક્તો નીકળતા આખા વિસ્તારમાં માનવ મહેરામણ ઉભરાયો હતો. **(તસવીરઃ સતીષ જાદવ)**

ઉધના માધવ ગૌશાળાનું સોમેશ્વર મહાદેવ આસ્થાનું કેન્દ્ર

શ્રાવણમાં મહાદેવનો મહિમા

સુરતઃ ઉધના વિસ્તારમાં આવેલી માધવ ગૌશાળા ખાતે બિરાજમાન સોમેશ્વર મહાદેવ મંદિર શ્રાવણ માસ દરમિયાન ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બની રહે છે. શ્રાવણના પવિત્ર દિવસોમાં ભગવાન શિવના દર્શન અને પૂજા-અર્ચના માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં પહોંચે છે. વહેલી સવારથી જ મંદિર પરિસરમાં ભક્તોની અવરજવર શરૂ થઈ જાય છે. ભક્તો દ્વારા શિવલિંગ પર જળાભિષેક તથા પૂજા કરવામાં આવે છે. શ્રાવણ માસ દરમિયાન મંદિર ખાતે ભક્તિમય માહોલ જોવા મળે છે અને 'હર હર મહાદેવ'ના જયઘોષથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઊઠે છે. સ્થાનિક શ્રદ્ધાળુઓ માટે સોમેશ્વર મહાદેવ મંદિર શ્રદ્ધા અને ભક્તિનું મહત્ત્વનું કેન્દ્ર બન્યું છે.

ઓછા પ્રેશરથી પાણીનો પ્રશ્ન ઉકેલવા વરાછામાં પુરવઠો અલગ સમયે મળશે

પુણામાં ૩ દિવસ ઓછું પાણી મળશે

સુરત : પુણા ગામ તળાવ પાસેની ઓવરહેડ પાણીની ટાંકી નં. 08 ના નેટવર્ક હેઠળના વિસ્તારોમાં લાંબા સમયથી પીવાનું પાણી ઓછા પ્રેશરથી અને પૂરતા જથ્થામાં ન મળવાની ફરિયાદોના કાયમી તથા અસરકારક નિરાકરણ માટે મનપાના હાઇડ્રોલિક વિભાગ દ્વારા ઓવરહેડ ટાંકીના વિતરણ નેટવર્કને 2 ભાગમાં વિભાજિત કરી હાઇડ્રોલિક ટ્રાયલ લેવામાં આવશે. જેને કારણે તા.8મીથી તા.10મી સુધી 3 દિવસ દરમિયાન આ વિસ્તારમાં પાણી પુરવઠો અલગ-અલગ સમયપત્રક મુજબ આપવામા આવશે.

બપોરે 12થી 03:30 સુધીના અસરગ્રસ્ત વિસ્તારો

નવું ફળિયું, પુણાગામ, ગરાસ ફળિયું, પુણાગામ, પારસમણી રો હાઉસ, બાપાસીતારામ, રામદેવનગર, પુષ્પા નગર, શંકર નગર-1, શંકર નગર-2, અર્જુન નગર-2, વલ્લભનગર, કૃષ્ણ નગર, હળપતિ નિવાસ, શાંતિ નગર, કલ્યાણ નગર, સરદાર નગર-1, લક્ષ્મી નગર, મારુતિ ધામ, ખોડિયાર નગર, સૂર્ય નગર, સરદાર નગર-2, શિવાજી નગર, અક્ષરધામ, સમજૂલા પાર્ક, સુંદર બાગ અને દીપમાલા.

બપોરે 4થી 9 સુધીના અસરગ્રસ્ત વિસ્તારો

સીતાનગર, હરે કૃષ્ણ, સત્તાધાર, બોરડા ફાર્મ, રાધા કૃષ્ણ, કિરણ પાર્ક, પ્રભુદર્શન-A, B, સત્યનારાયણ સોસાયટી, પવન પુત્ર, પારસમણી, પારસ, દાંગીગેવ, દિવ્યશક્તિ, શુભલક્ષમી, પ્રિયંકા પેલેસ, ભૂમિ પાર્ક, રાજલક્ષમી, અયોધ્યા, શાંતિ નિકેતન, સરગમ, માતૃશક્તિ, નંદનવન, , કેવટ, ગીતાનગર, હરેકૃષ્ણ, અમરજ્યોત, શિવધારા, શિવાંજલી, શિવકિરણ-1, શિવ, અંકુર, તપોવન, અમરદીપ, આસોપાલવ, દીપમંગલ, દીપદર્શન, અમરધામ, અંજનીનગર, આકાશગંગા, ભગવતી, દીપાવલી, અજંટા, સત્યમ, હરિદર્શન, પ્રાણનાથ, વિલ્સન, પંચશીલ, રિધ્ધિ સિધ્ધિ-1, કૈલાશ, ગણેશ-2, વ્હાઇટ હાઉસ, ગણેશ-1, શિવશક્તિ-1, શિવશક્તિ-2, કૃષ્ણકુંજ, માધવ-2, માધવ-1, રિધ્ધિ સિધ્ધિ-2, બજરંગ, શિવ, ખોડિયાર-B, પ્રણામ, સાગર, સત્તાધાર, રાજ ચેમ્બર, ખોડિયાર અને ગંગા સદન.

સુરતમાં ત્રણ માર્ગ અકસ્માતે ત્રણ પરિવારના દીવા બુઝાવ્યા

સિંગણપોર, સચિન અને ભાઠેનામાં ગમખ્વાર અકસ્માત

સુરત : સુરતમાં ત્રણ અકસ્માતોમાં ત્રણ વ્યક્તિના મોત નીપજ્યા છે. જેમાં મહારાષ્ટ્રના અને હાલમાં વેડરોડ પર આનંદ પાર્ક સોસાયટીમાં રહેતા 76 વર્ષીય નિવૃત્ત કિશનભાઈ સુંદરભાઈ તા. 3 સપ્ટેમ્બરના રોજ સાંજે સિંગણપોરના કોઝવે રોડ પર દત્ત મંદિર નજીક ડિવાઈડર પાસે પોતાના ત્રણ મિત્રો સાથે બેસીને વાતચીત કરી રહ્યા હતા. દરમિયાન પૂરઝડપે સ્કોર્પિયો હંકારી રહેલા ચાલકે ચારેય વ્યક્તિને અડફેટે લેતાં કિશનભાઈને ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પોલીસે કારચાલકની તપાસ હાથ ધરી છે.

સચિન જીઆઈડીસીમાં અજાણ્યા વાહનની ટક્કરે જરી કામદારનું મોત

બીજા બનાવમાં મૂળ બિહાર અને હાલમાં પાંડેસરા બોમરોલી રોડ પર આશાપુરી નજીક સનાતન નગરમાં રહેતા 28 વર્ષીય શૈલેષ મહેશ રાવત જરીના કારખાનામાં કામ કરતા હતા. તા. 27 સપ્ટેમ્બરની રાત્રે સચિન જીઆઈડીસી રોડ પર એથર કંપની સામેના માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પુરઝડપે આવેલા અજાણ્યા વાહનચાલકે તેમની બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં શૈલેષને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન શુક્રવારે સાંજે તેમનું મોત થયું હતું. શૈલેષના પરિવારમાં બે પુત્રી, એક પુત્ર છે.

ભાઠેના બ્રિજ પાસે અજાણ્યા બાઈકચાલકે ટક્કર મારતાં યુવાનનું મોત

ત્રીજા બનાવમાં સચિન ઉન પાટિયા પાસે શાલીમાર પાર્કમાં રહેતા 35 વર્ષીય શાહરુખખાન અક્ષરખાન પઠાણ શુક્રવારે રાત્રે ભાઠેના ખાતેથી બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા. ભાઠેના બ્રિજ પાસે અજાણ્યા બાઈકચાલકે તેમની બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં શાહરુખખાનને ગંભીર ઈજાઓ થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબે તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

પર્યુષણ વ્યાખ્યાન માળાના છઠ્ઠા દિવસે સુરેશ ગાલા-અનુભવ જૈનના વક્તવ્યો યોજાયા

સુરતઃ વિરમતીબેન ફકીરચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ પ્રેરિત અને પુરસ્કૃત, 'Better Life' - 'સ્વપ્ન' ભદ્રેશ શાહ ફાઉન્ડેશન, સુરત તથા સુરત જૈન યુવક મહામંડળના ઉપક્રમે આયોજિત સાતમી પર્યુષણ વ્યાખ્યાન માળાના છઠ્ઠા દિવસે પ્રબુદ્ધ પ્રવચનકાર સુરેશભાઈ ગાલાએ પોતાના પુસ્તકના સંદર્ભ સાથે 'કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી : જીવન અને કવન'નો અદ્ભુત, રસાસ્વાદ કરાવ્યો હતો. મધ્યપ્રદેશના કારેલીના યુવા જૈન સ્કોલર અનુભવ જૈને 'જૈન ફિલોસોફી ફોર યુથ' વિષય પર ખૂબ જ રસપ્રદ અને યુવાઓને સ્પર્શે તેવું પ્રવચન આપ્યું. સાતમી પર્યુષણ વ્યાખ્યાન માળાના, છેલ્લા અને આઠમા દિવસે, પંદરમા સેશનમાં રાત્રે 8:30થી 10:00 કલાક સુધી, મુંબઈના ખ્યાતનામ જૈન સ્કોલર ડો. બિપિનભાઈ દોશી 'Applied Jainism' એપ્લાઈડ જૈનિઝમ, પર પ્રવચન આપશે.પ્રવચન બાદ ચર્ચા સભા ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું છે. તેનું સંચાલન મુંબઈના ડો. સેજલબેન શાહ કરશે.

એમ. ટી. જરીવાલા હાઈસ્કુલ (Eng.Med., નોન ગ્રાન્ટેડ)માં જન્માષ્ટમીની ઉજવણી

સુરતઃ એમ. ટી. જરીવાલા હાઇસ્કૂલ (નોન-ગ્રાન્ટેડ) અંગ્રેજી માધ્યમમાં જન્માષ્ટમી સેલિબ્રેશન ઉત્સાહ અને ભક્તિભાવપૂર્વક કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓ દ્વારા વિવિધ નૃત્ય રજૂ કરાયું હતું. જ્યારે વિદ્યાર્થીઓ દ્વારા પરંપરાગત દહીંહાંડી કાર્યક્રમ યોજવામાં આવ્યો. કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય પ્રતિકભાઇ પારેખના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સંસ્થાના મંત્રી ઝવારેહ વાડીયાએ જન્માષ્ટમીની શુભેચ્છા ફાટવી હતી.

સ્કેટ કોલેજના પીયૂષસિંહને વાર્ષિક રૂપિયા 64 લાખના પગારની ઓફર કરાઈ

સુરતઃ સ્કેટ કોલેજના વિદ્યાર્થી પીયૂષસિંહ સુનીલને ઓફ-કેમ્પસ ભરતી પ્રક્રિયા દ્વારા 'ટેકઇન્ફિનિટી એલએલપી' તરફથી 64 લાખના વાર્ષિક સીટીસી સાથે પ્રી-પ્લેસમેન્ટ ઓફર કરવામાં આવી છે. વિદ્યાર્થીની બિઝનેસ ડેવલપમેન્ટ ઇન્ટર્ન તરીકેની શ્રેષ્ઠ કામગીરીને ધ્યાનમાં રાખીને આ ઓફર આપવામાં આવી છે. ઇન્ટર્નશિપ દરમિયાન વિદ્યાર્થીને દર મહિને 2 લાખનું સ્ટાઇપેન્ડ મળશે, ત્યારબાદ કામગીરીના આધારે 64 લાખના વાર્ષિક પેકેજ સાથે પૂર્ણ-સમયની રોજગારી મળશે. આ સિદ્ધીને પ્રિન્સીપાલ ડો. હિરેન પટેલ, ટીપી વિભાગના ઈન્ચાર્જ હેડ પ્રો. શબ્બીર ગદિયાલી દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે.

અડાજણમાં જન્માષ્ટમી નિમિત્તે મહાપ્રસાદનું આયોજન કરાયું

સુરતઃ છેલ્લા 13 વર્ષથી જન્માષ્ટમી નિમિત્તે ભવ્ય મહાપ્રસાદીનું આયોજન કરતાં અડાજણના શ્રી જલારામ એસ્ટેટ એજન્સી દ્વારા આ વર્ષે પણ મહાપ્રસાદી યોજાઈ હતી. સેવા કરનારા અશોકભાઈ ઠક્કર અને મુન્નાભાઈએ જણાવ્યું હતું કે, દરેક ઉજવણી દરમિયાન સેવાનું કાર્ય કરવું જોઈએ. અમે 13 વર્ષથી જન્માષ્ટમી નિમિત્તે રજવાડી ખીચડી, બુંદી, ગાઠીયા ઉપવાસવાળા વ્યક્તિ માટે સાબુદાણાની ખીચડી સહિત મહાપ્રસાદની વ્યવસ્થા કરીએ છીએ. દર વર્ષે તેનો 5 હજારથી વધુ લોકો લાભ લે છે.

માણસ ભેગું કરવામાં જ સમજ્યો છે પરંતુ ભોગવશે કોણ?: પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, આજનો માણસ માત્ર ભેગું કરવામાં સમજ્યો છે. જ્યાંથી મળતું હોય ત્યાંથી લઇ લો. ભેગું તમે ભલે કરતા હો પણ ભેગું કરેલું ભોગવશે કોણ ? એ મોટો પ્રશ્ન છે. માણસ સંપત્તિના જોરે ભલભલું વસાવી રહ્યો છે. થોડી પણ કમાણી વધી જાય એટલે મનમાં નીતનવા પ્લાનિંગ શરુ થઈ જતા હોય છે. પહેલાં કોઈ જુની હવેલી હોય પણ પૈસા વધતાં હવે હવેલીને બદલે બંગલો બનાવવાના સોણલા શરુ થતા હોય છે. બંગલો થાય એટલે ફર્નિચર અને ઈન્ટીરીયર માટે કોને કોન્ટ્રાક્ટ આપવો ? પછી ગાડીનું પ્લાનીંગ શરુ થાય. આ બધું ભેગું કરતા સોફા ઉપર બેઠા-બેઠા સિવીયર હાર્ટ એટેક આવે અને એક-બે મિનિટમાં તો ખેલ ખતમ.

સચિન ઈન્ડ.સોસા.ના નવા પ્રમુખ બનતા જ ગોળવાળાનો સપાટો

આગામી દિવસોમાં નવા સબસ્ટેશન બનાવાશે, સોલિડ વેસ્ટના નિકાલ માટે જગ્યાની માંગણી કરાશે

સુરત : સચિન ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ સોસાયટીની કારોબારી સમિતિની યોજાયેલી બેઠકમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે સોસાયટીના પ્રમુખ પદે યુવા ઉદ્યોગકાર મયુર ગોળવાલાની બિનહરીફ વરણી કરવામાં આવી છે. જ્યારે શિલ્પાબેન બી. અંટાળાને ઉપપ્રમુખ, કિશોરભાઈ બી. પટેલને સેક્રેટરી તથા ભીખુભાઈ ડી. નાકરાણીને ખજાનચી તરીકે સર્વાનુમત્તે બીનહરીફ વરણી થઈ છે. નવી વરણી બાદ સોસાયટીના પ્રમુખ મયુર ગોળવાલાએ ઉદ્યોગકારોને સંબોધતા જણાવ્યું હતું કે, 'વસાહતમાં વીજ માળખું મજબૂત બનાવવા બી અને ડી સબસ્ટેશન પાછળ નવું ૨૨૦ કે.વી.એ.નું 'એફ' સબસ્ટેશન તથા પ્લોટ નં. સીએમ-૧માં ૧૩૨ કે.વી.એ.નું સબસ્ટેશન બનાવવાની કામગીરીને આગળ ધપાવવામાં આવશે. સોલિડ વેસ્ટના વૈજ્ઞાનિક નિકાલ માટે ૩૬ હજાર ચો.મી. જગ્યા અને એસ.ટી.પી. પ્રોજેક્ટ માટે ૨૮ હજાર ચો.મી. જગ્યા મેળવવા કરવામાં આવેલી માંગણીને સાકાર કરવાનો પ્રયાસ થશે. ઉપરાંત પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ, પેટા ગલીઓના રોડ-રસ્તાઓના વિસ્તૃતિકરણ ઉપરાંત રોડ નં. ૩, ૪, ૬ અને ૮ને પહોળા કરવાની કામગીરી પૂર્ણ કરાવવા પ્રયાસ કરવામાં આવશે.

પ્રોસેસિંગ જોબચાર્જમાં 15 ટકા નહીં વધારવા ફોસ્ટાની SGTPA સાથે બેઠક

સોમવારે પ્રોસેસર્સની વિશેષ બેઠક યોજાશે

સુરત : કાચા માલ, કોલસો, રંગ-રસાયણો, મજૂરી અને વીજળીના ખર્ચમાં થયેલા વધારાને કારણે ટેક્સટાઈલ પ્રોસેસિંગના જોબચાર્જમાં 15 ટકા વધારો કરવાનો સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિયેશન (SGTPA)નો નિર્ણય હાલ સ્થગિત રાખવા ફોસ્ટાના પ્રતિનિધિમંડળે SGTPAના હોદ્દેદારોને રૂબરૂ મળી રજૂઆત કરી હતી.

ફોસ્ટા તરફથી પ્રમુખ હંસરાજ જૈન, મહામંત્રી દિનેશ કટારિયા, સંગઠન મહામંત્રી ગિરીશ મિત્તલ, ડિરેક્ટર સુરેશ મોદી, મહેન્દ્ર ભાયલ અને મુકેશ કેવલાણી ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે SGTPA તરફથી પ્રમુખ જીતુ વખારિયા, કમલવિજય તુલસિયાન અને મિતુલ મહેતા બેઠકમાં હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન ફોસ્ટાના પ્રતિનિધિઓએ વેપારી વર્ગ તરફથી પ્રોસેસર્સ દ્વારા કરવામાં આવેલા જોબચાર્જના ભાવવધારા અંગે મળેલી ફરિયાદો, સૂચનો અને ચિંતાઓ SGTPAના હોદ્દેદારો સમક્ષ મૂકી હતી. વર્તમાન સમયમાં ટેક્સટાઈલ વેપારની સ્થિતિ નબળી હોવા સાથે વેપારના વિવિધ ઘટકો વચ્ચે સંતુલન અને સંકલન જળવાઈ રહે તે જરૂરી હોવાનું ફોસ્ટાએ જણાવ્યું હતું. વેપારીઓના હિતને ધ્યાનમાં રાખીને પ્રોસેસિંગ જોબચાર્જમાં 15 ટકાનો વધારો તાત્કાલિક અમલમાં ન મૂકવા અને આ મુદ્દે સર્વસંમતિથી યોગ્ય ઉકેલ લાવવા રજૂઆત કરવામાં આવી હતી.

શનિવારે યોજાયેલી બેઠકમાં ફોસ્ટા દ્વારા રજૂ કરવામાં આવેલા મુદ્દાઓ અને વેપારીઓની સમસ્યાઓને SGTPAના હોદ્દેદારોએ ગંભીરતાપૂર્વક સાંભળી હતી. SGTPA દ્વારા સોમવારે પોતાના સભ્યોની વિશેષ બેઠક બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બેઠકમાં ફોસ્ટા દ્વારા રજૂ કરવામાં આવેલા તમામ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવશે અને ત્યારબાદ બંને સંગઠનો વચ્ચે પરસ્પર સંકલન જાળવીને આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે.

સુરતમાં કોર્ટ ખાલી કરાવ્યા વિના જ તપાસ ચાલુ કરવામાં આવી

સુરતઃ અવારનવાર કોર્ટ, પોસ્ટ ઓફિસ સહિત સરકારી કચેરીઓને બોમબ્થી ઉડાવી દેવાની ધમકીઓ મળી રહી છે ત્યારે અમદાવાદ કોર્ટને આવેલ મેલમાં સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટને ફરી એક વાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી નો ઉલ્લેખ હોવાથી સુરત પોલીસ દોડતી થઈ હતી. અજાણ્યા સ્ત્રોત તરફથી ઈમેલ દ્વારા આ ગંભીર ધમકી મળતાં જ ઉમરા પોલીસ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસ સાથે બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમોએ કોર્ટ પરિસરમાં સઘન ચેકિંગ શરૂ કર્યું હતું. જોકે, આ ધમકીભર્યા મેલ બાદ કોર્ટ ખાલી કરાવ્યા વિના જ તપાસ ચાલુ રખાતાં પરિસરમાં હાજર વકીલો, પક્ષકારો અને કર્મચારીઓમાં ભય જોવા મળ્યો હતો.

ઉધના-ખરવરનગર રોડ પર એક પછી એક પાંચ વાહનને હવા ફંગોળી દીધા

1.5 કિ.મી સુધી બેફામ કારનો આતંક

અકસ્માતમાં ભાજપના મહિલા કાર્યકર્તા દીપિકા ખૂંટ સહિત બે વ્યક્તિને ગંભીર ઈજા સ્થાનિકોએ પીછો કરી ચાલકને પકડી માર માર્યો, પોલીસે છોડાવી કસ્ટડીમાં લીધો

સુરતઃ ખરવરનગરથી ઉધના ત્રણ રસ્તા સુધીના આશરે દોઢ કિલોમીટરના રસ્તા પર બેફામ ઝડપે દોડેલી વોક્સ વેગન કારે રિક્ષા, ઈકો, બે બાઇક અને મોપેડ સહિત પાંચ વાહનને એક પછી એક ટક્કર મારી હવામાં ફંગોળી દીધા હતા. અકસ્માતમાં ભાજપના મહિલા કાર્યકર્તા દીપિકા ખૂંટ સહિત બે વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી છે. ઘટનાને પગલે રોષે ભરાયેલા સ્થાનિકોએ કારચાલકને ઘેરીને કારમાંથી બહાર ખેંચી માર માર્યો હતો.

મળતી માહિતી મુજબ, કારચાલક નીરજ તિવારી પૂરપાટ ઝડપે કાર હંકારી રહ્યો હતો. કારચાલકે દોઢ કિલોમીટરના રસ્તામાં એક પછી એક પાંચ વાહનને અડફેટે લેતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો હતો. કાર આગળ જતાં લોકોએ તેનો પીછો કરી તેને ચારેય તરફથી ઘેરી લીધો હતો. ટોળાએ ચાલકને કારમાંથી બહાર ખેંચી મેથીપાક આપ્યો હતો અને કારના આગળના કાચ પણ તોડી નાંખ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, કારચાલક દારૂના નશામાં હોવાનું જણાતું હતું. જોકે, પોલીસ દ્વારા તેની મેડિકલ તપાસ કરાવી નશાની હાલતમાં હતો કે નહીં તેની પુષ્ટિ કરવામાં આવી રહી છે. પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. પોલીસે ચાલક નીરજ તિવારીને ટોળાના સકંજામાંથી છોડાવી કસ્ટડીમાં લીધો છે. તપાસમાં કાર મયંક બિહારી લાલ છાપરીયાના નામે રજિસ્ટર્ડ હોવાનું સામે આવ્યું છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નીરજ ડ્રાઈવિંગનું કામ કરતો હોવાથી શેઠને કાર પરત આપવા નીકળ્યો હતો.

ભાજપ મહિલા કાર્યકર પરથી કાર ફરી વળી

જીવનજ્યોત પાસે તેણે મોપેડ પર જઈ રહેલા ભાજપ મહિલા કાર્યકર્તા દીપિકા ખૂંટને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે કારનું વ્હીલ તેમના શરીર પરથી ફરી વળ્યું હતું. દીપિકાબેનને પેટ તથા કમરથી નીચેના ભાગે ગંભીર ઈજાઓ થતાં પ્રથમ ખાનગી હોસ્પિટલ અને ત્યારબાદ વેસુની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દીપિકાબેન બે વર્ષના બાળકની માતા હોવાનું જાણવા મળ્યું છે. કમરથી નીચેના ભાગમાં ગંભીર નુકસાન થતાં તબીબોએ હાલ સર્જરી શક્ય ન હોવાનું જણાવી સંપૂર્ણ બેડરેસ્ટની સલાહ આપી છે.

મનપાની ચાવીરૂપ સેક્રેટરીની જગ્યાનો ચાર્જ રાજવીર ખેરને

7 સપ્ટેમ્બરથી કાયમી સેક્રેટરીની નિમણૂક ન થાય ત્યાં સુધી ચાર્જ રહેશે

1 જાન્યુઆરી, 2025થી ઇન્ચાર્જ સેક્રેટરી તરીકે ફરજ બજાવતા નિતિન સોનજેને આ જવાબદારીમાંથી મુક્ત કરાયા

સુરતઃ સુરત મનપાની ચાવીરૂપ સેક્રેટરી બ્રાંચના ઈન્ચાર્જ સેક્રેટરી તરીકે હવે ડેપ્યુટી સેક્રેટરી રાજવીરસિંહ ખેરને જવાબદારી સોંપવામાં આવી છે. સ્થાયી સમિતિએ નિર્ણય કરી 7 સપ્ટેમ્બરથી કાયમી સેક્રેટરીની નિમણૂક ન થાય ત્યાં સુધી ખેરને ચાર્જ આપ્યો છે. 1 જાન્યુઆરી, 2025થી ઇન્ચાર્જ સેક્રેટરી તરીકે ફરજ બજાવતા નિતિન સોનજેને આ જવાબદારીમાંથી મુક્ત કરાયા છે. સોનજે મેયરના પીએ તરીકે પણ ફરજ બજાવતા હોવાથી બંને જવાબદારીઓના ભારને ધ્યાનમાં રાખી નિર્ણય લેવાયો છે.

ખેર સેક્રેટરીના ચાર્જ સાથે સ્થાયી સમિતિના અધ્યક્ષના પીએ તરીકેની પોતાની હાલની કામગીરી પણ યથાવત રાખશે. સેક્રેટરીની કાયમી જગ્યા લાંબા સમયથી ખાલી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ વિધી દેસાઈની 10 માર્ચ 2022થી 06 જુલાઈ 2023થી વિદાય બાદ શરદચંદ્ર પટેલે અને ત્યાર બાદ ડેપ્યુટી સેક્રેટરી નીતિન સોનજેને ઈન્ચાર્જ સેક્રેટરી બનાવાયા હતા.